પત્રિકા
૧૨૩

# ચિરાગે હિદાયત

૦૮/૦૯/૧૭
૧૬ ઝિલ્હજ

## ~ ઈદે ગદીર મુબારક ~

મઝહબે ઈસ્લામ અલ્લાહતઆલાનો એકમાત્ર પસંદીદા દીન છે. ઈસ્લામનો અર્થ થાય છે 'તસ્લીમ', 'અલ ઈસ્લામો હોવત તસ્લીમ' અર્થાત અલ્લાહ તથા તેના રસૂલ(સ.અ.વ.)ના હુકમને સ્વીકારવો. એટલું જ નહીં તેમના હુકમ અને મરજી તેમજ તેમની પસંદ અને નાપસંદ બાબતોની સામે પોતાનો કોઈ અભિપ્રાય ન ધરાવવો. તેમની પસંદગીને પોતાની પસંદ અને નાપસંદ બાબતને પોતાની નાપસંદ બાબત કરાર દેવી. આ 'તસ્લીમ'ને ઈમાન કહેવામાં આવે છે.

કુરઆને કરીમમાં ખુદાવંદે આલમ પોતાના તથા પોતાના રસૂલ(સ.અ.વ.)ના ઈખ્તેયારને સૂરએ અહઝાબની આયત ૩૬ માં આ રીતે બયાન કરે છે : **"અને કોઈ મોઅમીન પુરૂષ માટે કે કોઈ મોઅમીન સ્ત્રી માટે આ વાત યોગ્ય નથી કે જયારે અલ્લાહ તથા તેના રસૂલ એક વાત નક્કી કરે તો પછી તેઓ તે બાબતમાં પોતાની મરજી મુજબ વર્તે. જે કોઈ અલ્લાહ તથા તેના રસૂલની નાફરમાની કરશે તો તે નિઃસંશય ખુલ્લી ગુમરાહીમાં પડશે."**

અને બીજી એક કુરઆનની સૂરએ નજમની આયત ૩ માં અલ્લાહતઆલા ફરમાવે છે કે **"તેઓ (હઝરત મોહમ્મદ(સ.અ.વ.)) પોતાની ઈચ્છાથી કઈ બોલતા નથી."**

આ આયત મુજબ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)નો દરેક નિર્ણય અને દરેક વાત અલ્લાહતઆલાનો નિર્ણય હોય છે. તેમની ઈતાઅત અલ્લાહની ઈતાઅત છે તેમની નાફરમાની અલ્લાહની નાફરમાની છે અને નાફરમાની કરવાવાળા ગુમરાહી અને દર્દનાક અઝાબના હકદાર છે.

ઉપરોકત તમામ બયાનની રોશનીમાં એક અત્યંત મહત્વનો સવાલ એ છે જે દરેક ઝમાનાથી સંબંધિત છે અને તે સવાલ અત્યંત મહત્વ ધરાવે છે કે હઝરત રસૂલે અકરમ (સ.અ.વ.)એ તેમની વફાત બાદ આ મઝહબે ઈસ્લામ કે જેની માટે અલ્લાહતઆલાએ એક લાખ ચોવીસ હજાર નબીઓને લોકોની હિદાયત માટે મોકલ્યા અને જે નબીઓએ લોકોને અલ્લાહ તરફ દાવત આપી. આ જવાબદારી કોઈને સોંપી? આ સવાલના જવાબમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની

આ હદીસને બયાન કરીએ કે જેની નોંધ એહલે સુન્નતના આલિમ ઈબ્ને અબીલ હદીદ મોઅતઝેલીએ પણ કરી છે.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે "જે કોઈ શખ્સ એ પસંદ કરતો હોય કે મારા જેવું જીવન પસાર કરે અને મારી જેમ આ દુનિયાથી રૂખ્સત થાય અને તે જન્નતે અદ્નમાં રહે કે જેને મારા પાલનહારે બનાવી છે. તેના માટે જરૂરી છે કે મારી પછી હઝરત અલી ઈબ્ને અબીતાલીબ(અ.સ.)ને પોતાના વલી (સરપરસ્ત) કરાર દે અને તેમના દોસ્તોને દોસ્ત રાખે અને મારી પછી અઈમ્મએ માઅસૂમીન(અ.મુ.સ.)નું અનુસરણ કરે. ખરેખર આ હઝરાત જ મારી ઔલાદમાંથી છે. તેમને મારી તીનત (બાકી વધેલી માટી)માંથી પૈદા કરવામાં આવ્યા છે. અને તેમને ઈલ્મ અને સમજણ અતા કરવામાં આવી છે. મારી ઉમ્મતમાંથી જે લોકો તેમનો ઈન્કાર કરે તેના માટે જહન્નમ છે અને તેના માટે પણ અઝાબ છે જેઓ તેમનાથી સંબંધ કાપી નાખે. ખુદાવંદે આલમ આવા લોકોને મારી શફાઅત નસીબ નહીં કરે." *– નહજુલ બલાગાહ, ખુત્બા નં. ૧૫૪ની શર્હમાંથી*

બીજું આપણને સૌને ખબર છે કે જયારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) હજ કરીને પરત ફરી રહયા હતા ત્યારે આ આયત નાઝિલ થઈ.

"અય રસૂલ! જે કાંઈ આપના ઉપર નાઝિલ થઈ ચૂક્યું છે તેને પહોંચાડી દો. અગર તમે તે ન પહોંચાડયું તો જાણે તમે રીસાલતનું કોઈ કાર્ય જ અંજામ ન આપ્યું અને અલ્લાહતઆલા આપને લોકોના ત્રાસથી સુરક્ષિત રાખશે." *– સૂ. માએદાહ, આ. ૬૭*

અને આ આયત નાઝિલ થવાના કારણે જ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ૧૮ ઝિલ્હજના રોજ હી.સ.૧૦માં ગદીરે ખુમના મેદાનમાં સવા લાખ લોકો સામે હઝરત અલી(અ.સ.)ની વિલાયત અને ખિલાફતનું એલાન કર્યુ અને જો આ એલાન ન કરતે તો જાણે રીસાલતનું કોઈ પણ કાર્ય અંજામ ન આપવા બરાબર હતું અને આ એલાન પછી એક બીજી આયત નાઝિલ થઈ.

જેમાં અલ્લાહતઆલાએ ફરમાવ્યું "આજે મેં તમારા માટે તમારો દીન પરીપૂર્ણ કરી દીધો છે અને મારી નેઅમત તમારા ઉપર સંપૂર્ણ કરી દીધી છે અને દીને ઈસ્લામ તમારા માટે પસંદ કરી લીધો છે." *– સૂરએ માએદાહ, આ. ૩*

અઝીઝો! આ આયત અને ગદીરના વાકેઆને આપણે સાંભળતા આવ્યા છે પણ કયારેય તેની ઉપર ગૌરો ફિક્ર નથી કર્યુ અને તેના અહમ મુદાઓ ઉપર ધ્યાન નથી આપ્યું.

# ગદીરના અમુક મુદ્દાઓ

– એવું તે કયું કાર્ય હતું કે જેની માટે અલ્લાહતઆલાએ રસૂલલ્લાહ(સ.અ.વ.)ને તાકીદ કરી કે તમે તેને લોકો સુધી પહોંચાડી દો. (બેશક) તે હઝરત અલી(અ.સ.)ને પોતાના જાનશીન, વસી, વારસદાર અને ખલીફા (તાજપોશી)નું એલાન હતું.

– એ કાર્ય કેટલું મહત્વનું હતું કે જો એલાન નથી એટલે કે હઝરત અલી(અ.સ.)ની વિલાયત (ઈમામત) અને ખિલાફતની ગવાહી નથી તો રીસાલતનું કાર્ય અધુરૂં છે. તેના વગર રીસાલતનું કાર્ય પણ કબૂલ નથી.

– હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ ફરમાવ્યું **"અમારી વિલાયત અલ્લાહની વિલાયત છે, અલ્લાહે જે પણ નબીને મબઉસ કર્યા તે બધાને અમારી વિલાયતના એકરારની સાથે મબઉસ કર્યા."** *– બસાએરૂદ્દરજાત, ભા.૧, પે.૭૫*

– સવા લાખના મજમામાં એક તવીલ ખુત્બા બાદ હઝરત અલી(અ.સ.)ની નિમણુંક માટે આમ કહેવું **"મન કુન્તો મવલાહ ફ અલીય્યુન મવલા"** એટલે કે **"જેનો જેનો હું મૌલા છું તેના અલી(અ.સ.) મૌલા છે."** શું આ તાજપોશી વિલાયત, રાહબરી તથા ખિલાફતની દલીલ નથી? પણ ઘણાં લોકો આ હકીકતને સ્વીકારતા નથી અને મૌલા શબ્દનું ખોટું અર્થઘટન કરે છે. જયારે કે મૌલા શબ્દ એટલે કે વલી, સરપરસ્ત, અધિકાર ધરાવનાર અને આ શબ્દ ફકત ઈમામો(અ.મુ.સ.) માટે છે જેની વિલાયત આપણા ઉપર વાજિબ છે. આવો આ બાબતને લગતો એક દિલચસ્પ મુનાઝેરો જોઈએ:

## * શેખ મુફીદ (અ.ર.) અને કાઝીનો મુનાઝેરો :

જ્યારે જનાબ શેખ મુફીદ(અ.ર.) પોતાના ગામથી બગદાદ રહેવા માટે ગયા. ત્યારે ત્યાંના સુન્ની મઝહબવાળા કાઝી અબ્દુલ જબ્બારની પાસે આપ ગયા અને સાધારણ જગ્યાએ બેસી ગયા અને કાઝીને કહ્યું કે જો રજા આપો તો કાંઈક પુછૂં! કાઝીએ રજા આપી.

શેખ મુફીદ(અ.ર.)એ કહ્યું "ગદીરની હદીસ સર્વ માન્ય છે કે નહી?" કાઝીએ ઉત્તર આપ્યો કે "સર્વ માન્ય છે તેમાં કાંઈ વાંધો નથી." શેખ મુફીદ(અ.ર.)એ કહ્યું "એ પ્રસંગે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ જનાબે અલી(અ.સ.)ને મૌલા કહ્યા તે મૌલાનો તમો શું અર્થ કરો છો?" કાઝીએ ઉત્તર આપ્યો "તેનો અર્થ તમામ કરતાં શ્રેષ્ઠ."

શેખ મુફીદ(અ.ર.)એ ફરી કહ્યું "જ્યારે એ શબ્દના એ મુજબ અર્થ છે ત્યારે સુન્ની અને શિયામાં ઈમામત વિષે શા કારણે મતભેદ છે?" કાઝીએ કહ્યું "ઓ બીરાદર. ગદીરના પ્રસંગની જે બાબત છે તે રિવાયત છે અને ઈમામત વિષે જે બાબત છે તે દીરાયત છે, તો જ્યાં દીરાયત હોય ત્યાં રિવાયતથી કામ લેવાની જરૂર નથી."

*ગુજરાતી વાંચક વર્ગ રિવાયત અને દીરાયતનો અર્થ સમજે તેથી ખુલાસો અને તેનો મતલબ અહીં રજૂ કરીએ છીએ. રિવાયત છે તે સાંભળેલી વાત છે, અને દીરાયત એ છે તે બાબતનો અમલ થયો હોય, તો જેના ઉપર અમલ થઇ ચુક્યો હોય તે વધારે ભરોસાપાત્ર ગણાય છે. જો કે અમલ હક થયો હોય કે નાહક થયો હોય તે જુદી વાત છે, તો કાઝીનો મતલબ એ કે હઝરત અલી(અ.સ.)ને ઈમામ નીમ્યા પણ હજુ તેઓ ઈમામતની ગાદીએ બેઠા ન હતા, અને હ. અબુબકર તો ઈમામતની ગાદી પર બેસી ગયા તેથી તે વધારે વજનદાર બાબત કહેવાય.*

શેખે મુફીદ(અ.ર.)એ તેનો સીધો જવાબ નહીં આપતા બીજી રીતે તેનો જવાબ આપ્યો તે આ મુજબ છે કે "હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ હઝરત અલી(અ.સ.)ને ફરમાવ્યું કે **યા અલી હર્બોકા હર્બી, વ સિલ્મોકા સિલ્મી એટલે જેણે તમારી સાથે જંગ કરી, તેણે મારી સાથે જંગ કરી. જેણે તમારી સાથે સુલેહ કરી, તેણે મારી સાથે સુલેહ કરી.** આ હદીસ સહી છે?" કાઝીએ કહ્યું "બેશક સહી છે."

શેખ મુફીદ(અ.ર.)એ કહ્યું "જમલની લડાઈમાં જે જે અસ્હાબોએ હઝરત અલી(અ.સ.) સાથે લડાઈ કરી હતી તેમના માટે આપ શું કહો છો?" કાઝીએ કહ્યું "લડાઈ કરી તે ખરી વાત છે, પણ પાછળથી પસ્તાઈને તે લોકોએ તૌબા કરી છે."

શેખ મુફીદ(અ.ર.)એ કહ્યું "એ જંગ કરી તે તો દીરાયત છે અને તૌબા કરી તે રિવાયત છે, તો રિવાયત કરતાં દીરાયત વધારે ભરોસાવાળી બાબત છે! મતલબ કે હઝરત અલી(અ.સ.) સાથે જંગ કરી તે અમલ થયેલી ચોક્કસ બાબત છે, તેથી તેઓ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) સાથે જંગ કરવાના ગુનાહમાં ફસાયા અને પાછળથી તૌબા કરી તે રિવાયત છે, તેના ઉપર ભરોસો નથી."

*મતલબ કે જનાબ શેખ(અ.ર.) સાહેબે કાઝીના જ શબ્દોમાં તેમને જવાબ આપીને કાએલ કર્યા કે તમે અમોને રિવાયત ઉપર અમલ કરવાની મના કરો છો અને તમે પોતે રિવાયત ઉપર અમલ કરો છો.*

આ સાંભળીને કાઝી સાહેબ ચુપ થઈ ગયા અને કબુલ કર્યું કે તમે મને કાએલ કર્યો.

– હઝરત અલી(અ.સ.)ની વિલાયતના એલાન બાદ આયતે ઈકમાલનું નાઝિલ થવું એ વાતને સાબિત કરે છે કે આ હઝરત અલી(અ.સ.)ની જાનશીનીનું એલાન હતું ન કે કોઈ દોસ્તની દોસ્તીનું. આ આયતના બાદ અલ્લાહે દીને ઈસ્લામને પોતાનો પસંદીદાહ દીન કર્યો કારણ કે તે દિવસે અલ્લાહે પોતાની નેઅમતને સંપૂર્ણ કરી. વિલાયતની નેઅમત કે જેનાથી મોટી બીજી કોઈ નેઅમત નથી.

**"આજે મેં તમારા માટે તમારો દીન પરીપૂર્ણ કરી દીધો છે અને મારી નેઅમત તમારા ઉપર સંપૂર્ણ કરી દીધી છે અને દીને ઈસ્લામ તમારા માટે પસંદ કરી લીધો છે."**

*– સૂરએ માએદાહ, આ.૩*

અઝીઝો! વિચારીએ ગદીરના દિવસે કઈ બાબતની જાહેરાત થઈ જેનાથી અલ્લાહ તઆલા રાજી થયા અને નેઅમતો પૂર્ણ થઈ. બેશક તે હઝરત અલી(અ.સ.)ની વિલાયત સિવાય બીજી કોઈ વસ્તુ ન હોઈ શકે કારણ કે,

* જ્યાં સુધી હઝરત અલી(અ.સ.)ની વિલાયતનું એલાન નથી કર્યુ, ત્યાં સુધી દીન કામીલ ન હતો. આ એલાન બાદ અલ્લાહતઆલા કહે છે કે મેં તમારા માટે દીનને પરીપૂર્ણ કરી દીધો.

અઝીઝો! નમાઝ, રોઝા, હજ આ બધુ વાજિબ છે. જે અલ્લાહના હુકમથી રસૂલ(સ.અ.વ.)એ આપણને જણાવ્યું તેમજ હઝરત અલી(અ.સ.)ની વિલાયત દરેક મુસલમાન માટે વાજિબ છે કારણ કે આપણા આ આમાલ ત્યારે જ કબૂલ છે જયારે આપણે તેમને બીલા ફસ્લ ખલીફા માનીએ અને ત્યારે જ આપણું ઈમાન કામીલ થશે.

હઝરત ઈમામ અલીરેઝા(અ.સ.)એ ફરમાવ્યું **"દીનની કમાલ (સંપૂર્ણતા) અમારી વિલાયત અને અમારા દુશ્મનોથી બેઝારી છે."**

*– બેહારૂલ અન્વાર, ભાગ-૧, પેજ નં.૫૮, હદીસ નં.૧૯*

આ હદીસ એ સ્પષ્ટ કરે છે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) પછી હઝરત અલી(અ.સ.) તેમના જાનશીન છે અને ત્યારબાદ આ સિલસિલો વિલાયતનો તેમના ફરઝંદો હઝરત હસન(અ.સ.), હઝરત હુસૈન(અ.સ.) અને તેમની નસ્લમાંથી છેલ્લા હઝરત મહદી(અ.ત.ફ.શ.) સુધી બાકી છે.

અબુ હમ્ઝા સોમાલી કહે છે કે મેં પાંચમાં ઈમામ હઝરત મોહમ્મદ બાકિર(અ.સ.)ની ખિદમતમાં અરજ કરી "અય ફરઝંદે રસૂલ(સ.અ.વ.)! હું તમારા ઉપર કુરબાન થાઉં.

એક શખ્સ છે કે જે દિવસે રોઝા રાખે છે, રાત્રીને ઈબાદતમાં ગુજારે છે અને રાહે ખુદામાં સદકો આપનાર છે જાણે કે દરેક નેક કામને અંજામ આપનાર છે. પરંતુ વિલાયતથી જોડાયેલો નથી.'' આ વાત સાંભળી ઈમામ(અ.સ.) મુસ્કુરાવા લાગ્યા અને ફરમાવ્યું **''અય સાબિત! અમે જમીનના સૌથી શ્રેષ્ઠ હિસ્સા ઉપર છીએ. અગર કોઈ બંદો આખી ઝિંદગી રૂકન અને મકામની દરમ્યાન સજદાઓ કરતાં-કરતાં મરી જાય અને અગર તે અમારી મઅરેફત (વિલાયત) નથી ધરાવતો તો પછી કોઈ પણ ચીઝ તેને ફાયદો પહોંચાડી નહીં શકે.''** – *ઉસૂલે સીત્તહ અશર, પે.૩૩૩*

## ઈદે ગદીરના આમાલ

અઝીઝો! ૧૮ ઝીલ્હજ મોઅમીન માટે એ ઈદ છે. ઈદે ગદીર કે જે ઈદે અકબર છે અને આ દિવસના ઘણા બધા આમાલ છે :

* ગુસ્લ કરવું.
* રોઝો રાખવો.
* ઝિયારતે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) પઢવી.
* બે રકાત શુક્રની નમાઝ પઢી (મફાતીહુલ જિનાનમાં આપેલ) દુઆ પઢવી.
* મોઅમીનોને ખુશ કરવા અને તેની સાથે નેકી કરવી. આ દિવસે મોઅમીન ભાઈ માટે એક દીનાર ખર્ચ કરવામાં હજાર દીનાર ખર્ચ કરવાનો સવાબ છે.
* જયારે કોઈ મોઅમીન ભાઈથી મુસાફેહા કરે, તો આ દુઆ પઢે :

  અલ્ હંમ્દો લિલ્લાહિલ્ લઝી જઅલના મિનલ્ મોતમસ્સેકીન બે વિલાયતે અમીરિલ્ મુઅમેનીન વલ્ અઈમ્મતે અંલય્હેમુસ્સલામ.

  તમામ વખાણ અલ્લાહ માટે છે કે જેણે આપણને અમીરૂલ મોઅમેનીન (અ.સ.) અને અઈમ્માહ (અ.મુ.સ.)ની વિલાયતથી સંકળાયેલા રાખ્યા.
* અકદે અખુવ્વત (મુન્તખબ મફાતિહુલ જિનાન, પેજ નં.૬૦૨) પઢવો.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com